# શિક્ષણ સાગર એપ્લીકેશન દ્વારા સંપાદિત


# પત્રક A ના નિષ્પત્તિ આધારિત પ્રશ્નો



## ધોરણ – ૩


## ગણિત

## સત્ર – ૨











વર્ગ શિક્ષકશ્રીનું નામ : ..................................................

વર્ગ : ..............

શાળાનું નામ : ..................................................

તાલુકો : ........................... જિલ્લો : ................................

**ધોરણ ૧ થી ૮ ની અધ્યયન નિષ્પત્તિ અને પાઠ આયોજન મેળવવા માટે ગુગલ પ્લે સ્ટોર પરથી શિક્ષણ સાગર એપ ડાઉનલોડ કરો.**

શિક્ષણ સાગર

# પ્રાસ્તાવિક

## સંરચનાત્મક કે વિકાસાત્મક મૂલ્યાંકન

વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર જાણવા અને વિદ્યાર્થીઓની સિદ્ધિ પરથી નિદાન કરવા સંરચનાત્મક મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે. વર્ગશિક્ષણ સાથે મૂળભૂત રીતે સંકળાયેલ આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીને માહિતી અપાયા બાદ, માહિતી વિતરણના કોઈ ચોક્કસ તબક્કે એટલે કે વિષયવસ્તુના કોઈ એક નિશ્ચિત એકમના શિક્ષણ બાદ કરી શકાય. આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે છે અને શિક્ષકો માટે અધ્યાપન અભિગમ સુધારવાની દિશા સ્પષ્ટ કરે છે. આ પ્રકારનું મૂલ્યાંકન અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારાયેલ છે, મૂળભૂત રીતે વર્ગીશિક્ષણ સાથે સંકળાયેલ છે.

એકમ કસોટીઓ, શિક્ષક નિર્મિત અનૌપચારિક કસોટીઓ, સ્વાધ્યાયો, વિદ્યાર્થીની કચાશ પારખતી નિદાન કસોટીઓ વગેરે દ્વારા સંરચનાત્મક મૂલ્યાંકન હાથ ધરી શકાય. ટૂંકમાં કહીએ તો સંરચનાત્મક મૂલ્યાંકન વિષયવસ્તુની ચોક્કસ બાબતોના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું પ્રવર્તમાન સિદ્ધિ સ્તર જાણવા માટે હાથ ધરાય છે. સંરચનાત્મક મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી રીતે ચાલતી અધ્યયન માટેના મૂલ્યાંકનની પ્રક્રિયા છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે યોજના તૈયાર કરતાં વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજનાને નીચેના જેવા ચાર વિભાગમાં વહેંચી શકાય:

(1) બૌદ્ધિક બાબતોના અભ્યાસના વિષયોનું મૂલ્યાંકન

(2) શારીરિક ક્ષમતા, સ્વાસ્થ્ય અને ઉત્પાદક કૌશલ્યોનું મૂલ્યાંકન

(3) સામાજિક ગુણો, શક્તિઓ અને સમજનું મૂલ્યાંકન

(4) વિવિધપ્રકારનાં મૂલ્યો, વલણો, અભિરુચિઓ, પસંદગીઓ અને દષ્ટિકોણનું મૂલ્યાંકન

ઉપરોક્ત વિભાગોને ધ્યાનમાં રાખી ક્યા વિભાગનું મૂલ્યાંકન કોણ કરશે, કઈ રીતે કરશે. વગેરે બાબતો શાળાના સમગ્ર શિક્ષકોની સક્રિય મદદ લઈ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજના તૈયાર કરવી જોઈએ. આ યોજના અમલમાં મૂક્યા પછી તેમાં જણાઈ આવતી ઉણપો સુધારી દર વર્ષે સુધારા- વધારા સાથેની યોજના અપનાવવી જોઈએ.

## સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન @ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર – ભાવનગર. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સંદર્ભે તાલીમમાં વારંવાર કેટલાંક પ્રશ્નો પુછવામાં આવતાં હોય છે તે બાબતે અહીં કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

**પ્રશ્ન : નવી અધ્યયન નિષ્પત્તિઓ જીસીઈઆરટી દ્વારા આપવામાં આવી છે તે કઇ રીતે ઉપયોગમાં લેવી ?**

**જવાબ** : નવા પાઠ્યપુસ્તક સાથે તેમની અધ્યયન નિષ્પત્તિઓ પણ જીસીઈઆરટી દ્વારા તેમની વેબસાઈટ www.gcert.gujarat.gov.in પર મુકવામાં આવી છે . યાદ રાખીએ કે આ અધ્યયન નિષ્પત્તિઓ આદર્શ રીતે આપેલાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે . આ અધ્યયન નિષ્પત્તિઓમાં મુખ્ય નિષ્પત્તિ અને જરૂર મુજબ તેની પેટા અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે . સાથે જ જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યયન - અધ્યાપન માટેની પ્રવૃત્તિ પણ આપવામાં આવી છે . જ્યારે પણ આપણે વિદ્યાર્થીને અધ્યયન - અધ્યાપનનાં અનુભવ પુરા પાડીએ તેમાં આ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રશ્ન : પત્રક - A માટે અધ્યયન નિષ્પત્તિઓ કેવી રીતે પસંદ કરવી અને ક્યારે કરવી ?

જવાબ : પત્રક - A જેને આપણે રચનાત્મક મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ . આ ★અનૌપચારિક★ મૂલ્યાંકન સ્વરૂપનાં માળખામાં સમાવિષ્ટ છે . જ્યારે અધ્યયન - અધ્યાપનની પ્રક્રિયા ચાલતી હોય તે દરમિયાન ★અનૌપચારિક★ રીતે ★જ★ જે અધ્યયન નિષ્પત્તિઓ ચકાસી શકાય તેમ હોય તેવી અધ્યયન નિષ્પત્તિઓને રચનાત્મક મૂલ્યાંકન માટે પસંદ કરી શકાય . આ અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી અને મૂલ્યાંકન શિક્ષકની વિશિષ્ટ આવડત માંગી લે તેવું કામ છે . આ માટેની અધ્યયન નિષ્પત્તિઓ શિક્ષકે અગાઉથી જ સત્રારંભે નક્કી કરી લેવી જોઇએ જેથી જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યાપન કાર્ય વખતે મૂલ્યાંકનનું આગોતરૂં આયોજન થઈ શકે અને સાતત્યતાપૂર્ણ મૂલ્યાંકન થઇ શકે .

પ્રશ્ન : જીસીઈઆરટી દ્વારા આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિની યાદીમાં ૨૦ કરતાં વધારે અધ્યયન નિષ્પત્તિઓ આપવામાં આવી છે તો અધ્યયન નિષ્પત્તિઓ કેમ લેવી ?

જવાબ : જીસીઈઆરટી દ્વારા જે અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે તે અધ્યયન - અધ્યાપન માટેની યાદી છે . જ્યારે આપણે મહત્તમ ૨૦ અધ્યયન નિષ્પત્તિ લેવાની વાત કરીએ છીએ ત્યારે ધ્યાન રાખીએ કે આપણે અનૌપચારિક મૂલ્યાંકન પત્રક- A ની વાત કરીએ છીએ . અનૌપચારિક રીતે મૂલ્યાંકન થઈ શકે તેવી મહત્તમ ૨૦ પ્રતિનિધિરૂપ ક્ષમતા જ પત્રક -A માટે લેવાની છે .

પ્રશ્ન : એકમ કસોટીમાં આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓનાં આધારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માં મૂલ્યાંકન નોંધ કરી શકાય ?

જવાબ : એકમ કસોટી નિશ્ચિત માળખામાં લેવામાં આવે છે . અને તે લેખિત પ્રકારની એટલે ઔપચારિક પ્રકારની કસોટી છે જ્યારે રચનાત્મક પત્રકમાં અનૌપચારિક મૂલ્યાંકનની વાત છે . એકમ કસોટી જે - તે એકમ અથવા એકમોનાં અંતે લેવામાં આવે છે જ્યારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A સતત થતાં મૂલ્યાંકનનો ભાગ છે જે અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા દરમિયાન થાય છે

પ્રશ્ન - રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માટે જો મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય તો તેનો આધાર કેવી રીતે રાખવો ?

અથવા પત્રક- A ના મૂલ્યાંકનનાં આધાર કેવી રીતે રાખવાં ?

જવાબ: અગાઉ એક પ્રશ્નના જવાબમાં વાત થઇ . રચનાત્મક મૂલ્યાંકનમાં એવી અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી કરવામાં આવે છે જેનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવામાં આવતું હોય આ પ્રકારનાં મૂલ્યાંકન માટે શિક્ષકે આગોતરૂં આયોજન કરવું પડે તે પણ આપણે જાણ્યું . હવે વાત કરીએ આધારોની તો તમે જે - તે અધ્યયન નિષ્પત્તિ પત્રક - A માટે લીધી હોય તે માટે મૂલ્યાંકન પદ્ધતિનું આગોતરૂં આયોજન તો કર્યું જ હોય છે . આ આયોજન પણ તમારો આધાર બની શકે.

દૈનિકબુકમાં પણ મૂલ્યાંકન નોંધમાં તમે તે નોંધ્યું હશે . તમે રચનાત્મક મૂલ્યાંકન માટે કોઇ અનૌપચારિક ક્રિયાત્મક કસોટી નક્કી કરી હોય તો તેમાં વિદ્યાર્થીએ કરેલાં કામને આધાર તરીકે રાખી શકાય , મૌખિક પ્રશ્નોત્તરી અથવા ક્યારેક સામુહિક અનૌપચારિક મૂલ્યાંકન વખતે આધાર ન હોય તો ચાલી શકે પણ મૂલ્યાંકન સાતત્યતાપૂર્ણ કરવામાં આવ્યું હોય તે જરૂરી છે . ઉદાહરણ તરીકે કોઇ એક અધ્યયન નિષ્પત્તિ માટે શિક્ષકશ્રી દ્વારા મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી હોય અને તેનાં આધારે રચનાત્મક પત્રક - A માં સિદ્ધિની નોંધ કરવામાં આવી હોય . હવે ફરીવાર જ્યારે અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે અપવાદ અને સહજ અમુક વિદ્યાર્થી બાદ કરતાં બાકીનાં વિદ્યાર્થીઓ જવાબ આપી શકે તે આવશ્યક છે .

👉 પરિપત્ર ડાઉનલોડ કરો

માનનીય હરેશભાઈ ચૌધરી સાહેબનો રચનાત્મક મૂલ્યાંકન આધારિત વિડીયો જોવા અહી ક્લિક કરો

સંદર્ભ : Guidance on Continuous and Comprehensive Assessment (SCE) @ District Education and Training Bhavan, Sidsar – Bhavnagar

ધ્યાનમાં રાખવાની વાત : અહી આપેલ પત્રક A અને નીચે આપેલ પ્રશ્નો એ ફક્ત નમુના રૂપ છે શિક્ષક મિત્રો તમે તમારા ધોરણ માં વર્ગ ની પરિસ્થિતિ મુજબ અધ્યયન નિષ્પતિ માં બદલાવ કરી શકો છો..

શિક્ષણ સાગર એપ્લીકેશન ટીમ

# રચનાત્મક મુલ્યાંકન પત્રક    વિષય- ગણિત    ધોરણ - ૩    (દ્રિતીય સત્ર)

**શાળાનું નામ :**    **તા.**    **પત્રક :- A**    **સને : 2022-23**

| ક્ર.નં. | વિદ્યાર્થીનું નામ | 8. વધુ ભારે કોણ? | | | | 9. કેટલા વખત? | | | | 10. ભાત (પેટર્ન) ની રમત | | | 11. જગ અને મગ | 12. આપણે ભાગ પાડી શકીશું? | | 13. સ્માર્ટ ચાર્ટ | | | 14. રૂપિયા–પૈસા | | | શિક્ષણ સાગર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | M306.1 વસ્તુઓના હલકા અને ભારેપણાનો અંદાજ લગાવે છે. | M306.2 વિવિધ પ્રકારનાં ત્રાજવાં અને વજનિયાં વિશે જાણે છે. | M308.1 ગ્રામ અને કિલોગ્રામમાં આપેલાં માપવાળા સરવાળા બાદબાકી કરે છે. | M308.2 ત્રાજવાં અને વજનિયાંનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરે છે. | M313.3 કોઈ સંખ્યાને બે સંખ્યાઓના ગુણાકાર સ્વરૂપે દર્શાવે છે. | M313.3 કોઈ સંખ્યાને બે સંખ્યાઓના ગુણાકાર સ્વરૂપે દર્શાવે છે. | M313.4 ગુણાકારના ઘડિયાના આધારે રોજિંદા જીવનની સમસ્યાને ઉકેલે છે. | M313.5 ગુણાકાર આધારિત પેટર્ન પૂર્ણ કરે છે. | M311.1 આસપાસના પર્યાવરણમાં રહેલ પેટર્નને ઓળખે છે. | M311.2 આકાર આધારિત પેટર્ન સમજે છે અને વિસ્તારે છે. | M311.3 અંક આધારિત પેટર્ન સમજે છે અને વિસ્તારે છે. | M307.1 ગુંજાશના પ્રમાણિત એકમોની સમજ ધરાવે છે. | M314.1 મૂર્ત વસ્તુઓની સમાન વહેંચણી અને સમાન જૂથ દ્વારા ભાગાકાર કરે છે. | M314.2 પુનરાવર્તિત બાદબાકી દ્વારા ભાગાકાર કરે છે. | M312.1 રોજિંદા જીવનમાં વપરાયેલ માહિતીને કોષ્ટક સ્વરૂપે રજૂ કરે છે. | M312.2 કોષ્ટક સ્વરૂપે રજૂ થયેલ માહિતીનું અર્થઘટન કરે છે. | M312.4 સ્તંભઆલેખ સ્વરૂપે આપેલ માહિતી પરથી પ્રશ્નોના જવાબ આપે છે. | M302.1 રૂપિયા પૈસા આધારિત સરવાળા બાદબાકી કરે છે. | M302.2 રોજિંદા વ્યવહારમાં નાણાંકીય લેવડદેવડના કોયડાઓ ઉકેલે છે. | M303 માહિતીના આધારે સાદા બીલ બનાવે છે. | સત્રાંતે વિદ્યાર્થીઓ એ મેળવેલ જે તે નિશાની ઓની કુલ સંખ્યા | | | ૪૦ માંથી મેળવેલ ગુણ |
| | | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | √ | ? | × | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

# પાઠ ૮  વધું ભારે કોણ?

## 1. M306.1  વસ્તુઓના હલકા અને ભારેપણાનો અંદાજ લગાવે છે."

- યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(૧) કઈ વસ્તુ માટે સૌથી મોટી બેગ જોઈશે?

**(A)** રૂ  **(B)** ગોળ  **(C)** ખાંડ

(૨) નીચેનામાંથી કોનું વજન વધારે છે?

**(A)** કૂતરો  **(B)** ગાય  **(C)** હાથી

(૩) એક તરબૂચ = ૪ કેરી હોય તો પાંચ તરબૂચ = , .......... કેરી

**(A)** ૧૦  **(B)** ૨૦  **(C)** ૩૦

(૪) એક ટેટીનું વજન ૨ સફરજન જેટલું હોય તો ૮ સફરજનનું વજન કેટલી ટેટી જેટલું થાય?

**(A)** ૮  **(B)** ૪  **(C)** ૬

(૫) આવા ૩વજનિયાંથી કેટલા કિલો ઘઉં મળે?

**(A)** ૨  **(B)** ૫  **(C)** ૩

## 2. M306.2  વિવિધ પ્રકારનાં ત્રાજવાં અને વજનિયાં વિશે જાણે છે."

નીચે આપેલા વજન્ફોટા તમે કયાં જોયા છે તે નોંધો.



______________________



______________________



______________________



______________________

## 2. M308.1 ગ્રામ અને કિલોગ્રામમાં આપેલાં માપવાળા સરવાળા બાદબાકી કરે છે."

| | | |
|---|---|---|
| ૫૦ ગ્રામ મગ<br>+૭૦ ગ્રામ તલ<br>---------------<br>- | ૫૦૦ ગ્રામ<br>મગ<br>+૧૨૦ ગ્રામ<br>તલ<br>--------------- | ૩૫૦ ગ્રામ મગ<br>+૧૩૦ ગ્રામ<br>તલ<br>---------------<br>- |
| ૯૮૦ ગ્રામ મગ<br>-૧૪૦ ગ્રામ<br>મગ<br>---------------<br>- | ૧૦૫૦ ગ્રામ<br>મગ<br>- ૩૬૦ ગ્રામ<br>મગ<br>--------------- | |

## "M308.2 ત્રાજવાં અને વજનિયાંનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરે છે."

(1) દસ કિલો કરતાં ઓછા વજનવાળા ત્રણ પ્રાણીઓના નામ લખો,

______________________________________________

______________________________________________

(2) વજનકાંટાનો ઉપયોગ થતો હોય તેવી ત્રણ જગ્યાનું નામ આપો.

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

(3) કિલો ચોખા તોલવા  આવા કેટલા વજનીયા જોઈએ ?

(4)  આ વજનકાંટો તમે ક્યાં જોયો છે?

(5) ગાય, ઉંદર, બિલાડી અને કૂતરાને તેમના વજનના ચડતા ક્રમમાં ગોઠવો.

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

# ૭. કેટલા વખત?

5 "M313.3 કોઈ સંખ્યાને બે સંખ્યાઓના ગુણાકાર સ્વરૂપે દર્શાવે છે."

**આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧.૪ વખત ૯ =______________________

(A) ૩૨ (B) ૩૬ (C) ૬૩

૨. સાત રીક્ષાના કેટલા પૈડા થાય?

(A) ૨૧ (B) ૧૨ (C) ૨૮

૩. ૬ X ૮ =______________________

(A) ૬૮ (B) ૮૬ (C) ૪૮

૪. ૧ ડઝન નોટબુક =__________ નોટબુક

(A) ૧૨ (B) ૨૪ (C) ૨૦

૫. ૧૮ =______________ X ________________

(A) ૨ x ૮ (B) ૩ X ૬ (C) ૯ × ૩

6 M313.3 કોઈ સંખ્યાને બે સંખ્યાઓના ગુણાકાર સ્વરૂપે દર્શાવે છે.

૩૯ X ૨૪

| | ૩૦ | ૯ |
|---|---|---|
| ૨૦ | ........X.........=......... | ........X.........=......... |

=........+.........+.........+.........

| | | |
|---|---|---|
| ૪ | ........X.........=......... | ........X.........=......... |

=........

(૯) ૩૮ X ૭

| | ૩૦ | ૮ |
|---|---|---|
| ૭ | ........X.........=......... | ........X.........=......... |

=........

=.........+..........+.........

(૧૦) ૮ ડઝન =

| ૧૦ | ૨ |
|---|---|
| ........X.........=......... | ........X.........=......... |

=.........+..........=.........

7 **"M313.4 ગુણાકારના ઘડિયાના આધારે રોજિંદા જીવનની સમસ્યાને ઉકેલે છે."**

એક વર્ગમાં ૩૬ બાળકો છે, દરેક બાળકને ૪ ચોકલેટ મળે તે રીતે વહેંચવા કુલ કેટલી ચોકલેટ ખરીદવી પડે?

(૨૬) કેરીના એક બોક્સનું વજન ૧૦ કિલોગ્રામ છે, તો ૫00 કિલોગ્રામ કેરીનાં કેટલાં બોક્સ થાય?

8 "M313.5 ગુણાકાર આધારિત પેટર્ન પૂર્ણ કરે છે."

પેટર્ન પૂર્ણ કરો. ૮, ૧૬, ૨૪, _____________, _____________, _________________.

# 10. ભાત (પેટર્ન) ની રમત

## 8. M311.1 આસપાસના પર્યાવરણમાં રહેલ પેટર્નને ઓળખે છે."

(૧) 

(A)     (B)     (C) 

(૨) છપ, છપછપ, જપ,.......................

(A) જપ    (B) જપજપ    (C) જપછપ

(૩) ૧, ૨, ૩, ૫, ૮, ૧૩, ૫



(A) ૧૮    (B) ૧૯    (C) ૨૧



(૪) ૪, ૧૦, ૧૮, ૨૮, ૪૦,

(A) ૫૪    (B) ૫૦    (C) ૫૨

## 10. M311.2 સરળ આકાર આધારિત પેટર્ન સમજે છે અને વિકસાવે છે.

**નીચેનામાંથી કઈ પેટર્ન વિકસતી પેટર્ન છે?**

(A)     (B) 

(C)     (D) 

## 11 "M311.3 અંક આધારિત પેટર્ન સમજે છે અને વિકસાવે છે."



1. ૫,૭,૯,_____________,___________,________
2. ૮,૧૬,૨૪, _____________,________,_________
3. ૪૭,૪૪,૪૧, ___________,__________,_________
4. ૧૦,૨૫,૪૦ ___________,_________,___________
5. ૨,૩,૬,૧૧, ___________,_________,_________

# 11. જગ અને મગ

**12 "M307.1 ગુંજાશના પ્રમાણિત એકમોની સમજ ધરાવે છે."**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) નીચેના પૈકી કયા પાત્રમાં સૌથી વધુ પાણી ભરાશે?

(A)  (B)  (C) 

(૨) કલા એક જગ જ્યુસ બનાવવા ૪ પ્યાલા પાણી વાપરે છે, તો ૪જગ જ્યુસ બનાવવા કેટલું પાણી જોઈએ?

(A) ૪ પ્યાલા (B) ૧૬ પ્યાલા (C) ૮ પ્યાલા

(૩) જો એક લિટર દૂધમાંથી ૬ કપ દૂધ ભરાય છે, તો ૨ લિટર દૂધમાંથી કેટલા કપ દૂધ ભરાય?

(A) ૧૨ કપ (B) ૧૮ કપ (C) ૮ કપ

(૪) જ્યુસની એક બોટલમાંથી ૫ ગ્લાસ ભરાય છે, તો ૩ બોટલમાંથી કેટલા ગ્લાસ ભરાય?

(A) ૮ ગ્લાસ (B) ૧૫ ગ્લાસ (C) ૨ ગ્લાસ

(૫) રહીમની ડોલર માટલી વડે ભરાય છે અને કરીમની ડોલ ૧ માટલી વડે ભરાય છે તો કરીમની ડોલ કરતાં રહીમનીડોલમાં, ........................ ગણુ પાણી વધુ ભરાય છે.

(A) બે ગણું (B) ત્રણ ગણું (C) અડધુ

શિક્ષણ સાગર

# 12. આપણે ભાગ પાડી શકીશું?

**13 "M314.1 મૂર્ત વસ્તુઓની સમાન વહેંચણી અને સમાન જૂથ દ્વારા ભાગાકાર કરે છે."**

(૧) યોગ્ય વિકલ્પ પસંદ કરો.


૧. ૧૦ સફરજન ૫ બાળકોને સરખે ભાગે વહેંચવામાં આવે તો દરેક બાળકને કેટલાં સફરજન મળે? ☐



(A) ૨ (B) ૫ (C) ૧s

(૨) ૪ બાળકો વચ્ચે ૧૨ ચોકલેટ સરખા પ્રમાણમાં વહેંચવામાં આવે તો નીચેનામાંથી કઈ વહેંચણી સાચી છે? ☐

(A)
(B)
(C)



૩. ૮ કેળા ૪ વાંદરા વચ્ચે વહેંચવા હોય તો દરેક વાંદરાને કેટલાં કેળા મળે? ☐

(A) ૪ (B) ૨ (C) ૩

૪. ૧૫ મણકાને ૩ર સરખાં જૂથમાં વહેંચવા હોય તો નીચે પૈકી કયો વિકલ્પ સાચો ગણાય? ☐

(A) ૧૫ ૩ (B) ૧૫ + ૩ (C) ૧૫ – ૩

5. ૨૦ દડાને ૪ સરખાં ભાગમાં વહેંચવામાં આવે તો દરેક ભાગમાં કેટલાં દડા આવે? ☐

(A) ૧૦ (B) ૪ (C) ૫

શિક્ષણ સાગર

**14 "M314.2 પુનરાવર્તિત બાદબાકી દ્વારા ભાગાકાર કરે છે."**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) ભરતે ૪૮ લાડુ બનાવ્યાં તેને એક સરખી સંખ્યામાં ૬ થાળીમાં મૂકયા. નીચેનામાંથી કઈ રકમ દરેક થાળીમાંના ૬ લાડુની સંખ્યા બતાવી શકશે?

(A) ૪૮ ૬ (B) ૪૮ ૬ (C) ૪૮ ૬

(૨) સફરજનનાં ૧૬ ટુકડાને ૪ વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચીએ તો દરેક વિદ્યાર્થીને સફરજનનાં કેટલા ટુકડા મળે?

(A) ૪ (B) ૬ (C) ૧૬

(૩) ૩ જૂથમાં વહેંચીએ તો નીચેનામાંથી કયો વિકલ્પ સાચો ગણાય?

(A) ૯૩ (B) ૯૩ (C) ૩૩

(૪) ૧૦ મિત્રોએ મળી ૮૦ રૂપિયાનો આઈસ્ક્રીમ ખાધો તો દરેક મિત્રએ કેટલા રૂપિયા આપવા પડે?

(A) ૮ (B) ૮૦ (C) ૧૦

(૫) રમણ પાસે ૪૦મીટર દોરડું છે. જો એક ગાયને બાંધવા માટે ૪ મીટર દોરડું જોઈએ તો કેટલી ગાયો બાંધી શકાય?

શિક્ષણ સાગર
shikshansagar.com The King of Education

# 13. સ્માર્ટ ચાર્ટ

## 15.M312.1 રોજિંદા જીવનમાં વણાયેલ માહિતીને કોષ્ટક સ્વરૂપે રજૂ કરે છે."

### (૨) કોષ્ટક પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

| શાળાએ આવવા માટે વપરાતી મુસાફરીની રીત | બાળકોની સંખ્યા |
|---|---|
| દોડીને | ૧૨૫ |
| સાઈકલ | ૮૫ |
| સ્કૂટર | ૪૮ |
| બસ | ૧૩૨ |

૧. દોડીને આવતા બાળકોની સંખ્યા કેટલી છે.

☐ ૧૨૫ ☐ ૮૫ ☐ ૧૩૨

૨. મુસાફરીની કઈ રીત સૌથી વધુ સામાન્ય છે?

☐ ચાલીને ☐ બ☐ સાઈકલ

## 16. M312.2 કોષ્ટક સ્વરૂપે રજૂ થયેલ માહિતીનું અર્થઘટન કરે છે."

1. પ્રાણી સંગ્રહાલયમાં આવેલા જુદાં-જુદાં પ્રાણીઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક

| પ્રાણીનું નામ | પ્રાણીની સંખ્યા |
|---|---|
| હાથી | ૯ |
| વાઘ | ૮ |
| હરણ | ૧૨ |
| સિંહ | ૬ |
| વાંદરા | ૧૧ |
| ઝીબ્રા | ૮ |

૧. સૌથી વધુ કયા પ્રાણી છે? ______________________________

૨. સૌથી ઓછા કયા પ્રાણી છે? _________________ કેટલા છે?

_______________

૩. વાંદરા કરતાં કયા પ્રાણીની સંખ્યા વધારે છે? _________________

૪. કયા બે પ્રાણીઓની સંખ્યા સરખી છે? ________________ અને ________________

૫. હાથી કરતાં ઝીબ્રા કેટલાં ઓછાં છે? ______________________________

**ચાર્ટના આધારે જવાબ લખો.**

૧. શાળામાં કુલ કેટલા બાળકો છે?__________________________

| હાજરી ચાર્ટ તા.૨૬/૦૬/૨૦૨૦ | | |
|---|---|---|
| | કુલ સંખ્યા | હાજર સંખ્યા |
| ધોરણ–૧ | ૩૬ | ૩૩ |
| ધોરણ–૨ | ૩૨ | ૨૯ |
| ધોરણ–૩ | ૩૭ | ૩૬ |
| ધોરણ–૪ | ૩૩ | ૨૭ |
| ધોરણ–૫ | ૪૦ | ૩૬ |
| કુલ | | |

૨. શાળામાં કુલ કેટલા બાળકો ગેરહાજર છે?

___________________________________

૩. કયા ધોરણમાં સૌથી વધારે બાળકો ગેરહાજર છે?

____________________________

૪. ધોરણ–૩ કરતાં ધોરણ–૪માં કેટલા બાળકો વધુ ગેરહાજર છે?__________________

૫. ક્યા બે ધોરણમાં ગેરહાજર બાળકોની સંખ્યા સરખી છે?

_______________________

૬. ધોરણ–૧ કરતાં ધોરણ–૫ માં કેટલાં વધુ બાળકો હાજર છે?

____________________

શિક્ષણ સાગર

**૨. ૫ મી જૂન "વિશ્વ પર્યાવરણ દિન" નિમિત્તે થયેલ વૃક્ષારોપણ**

| વૃક્ષ | વૃક્ષની સંખ્યા |
|---|---|
| લીમડો | ૮ |
| સરગવો | ૫ |
| નીલગીરી | ૨ |
| ગુલમહોર | ૭ |

## 17.M312.4 સ્તંભઆલેખ સ્વરૂપે આપેલ માહિતી પરથી પ્રશ્નોના જવાબ આપે છે

ધોરણ–૩માં અઠવાડિયામાં ગેરહાજર રહેલ વિદ્યાર્થીઓની સંખ્યા ચિત્રાલેખમાં દર્શાવેલ છે તેના આધારે જવાબ આપો.

| વાર | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|
| સોમ | ☺ ☺ ☺ |
| મંગળ | ☺ |
| બુધ | |
| ગુરુ | ☺ ☺ ☺ |
| શુક્ર | ☺ ☺ |
| શનિ | ☺ ☺ ☺ ☺ ☺ |


☺ (એ એક વિદ્યાર્થી દર્શાવે છે.

૧. મંગળવારે વર્ગમાં કેટલા વિદ્યાર્થી ગેરહાજર રહેલ? ____________

૨. કયા દિવસે સૌથી વધુ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યાં છે? ____________

૩. વર્ગના તમામ વિદ્યાર્થીઓ હાજર હોય તેવો વાર કયો? ____________

**૪. ઉપરોક્ત માહિતી પરથી નીચેના ચિત્રાલેખ (ચાર્ટ) પૂર્ણ કરો.**



# 14. રૂપિયા–પૈસા

## 18."M302.1 રૂપિયા પૈસા આધારિત સરવાળા બાદબાકી કરે છે."

- **નીચેના પ્રશ્નો ના જવાબ આપો**

(૧)  +  +  = ____________

☐ ૭૫ રૂપિયા ☐ ૭૦ રૂપિયા ☐ ૧૨૦ રૂપિયા

(૨)  +  = ____________

☐ ૨૫ રૂપિયા ☐ ૭૦ રૂપિયા ☐ ૮૦ રૂપિયા

૧. એક કંપાસપેટીની કિંમત ૩૫ રૂપિયા છે. તો આ કિંમત ચૂકવવા નીચે આપેલ ચલણી નાણાંના જૂથ પૈકી કયા જૂથની રકમ સાચી છે?

| જૂથ-૧ | જૂથ-૨ | જૂથ-૩ |
|---|---|---|
|  |  |  |
| ☐ | ☐ | ☐ |

૨. તમારી પાસે ૨૦ રૂપિયા છે તેમાંથી તમે ૧૦ રૂપિયા તમારા મિત્રને આપ્યા. હવે તમારી પાસે કેટલા રૂપિયા બચ્યા?

☐ ૧૦ રૂપિયા ☐ ૫ રૂપિયા ☐ ૨ રૂપિયા

૩. આપેલ ચિત્રમાં આપેલા નાણાંની કિમંત પૈકી,



☐ ચિત્ર–૧ ની કિમત વધારે છે.

☐ ચિત્ર – ૨ – ની કિમત વધારે છે.

☐ ચિત્ર–૧ અને ચિત્ર–૨ની કિમત સરખી છે.

**19. M302.2 રોજિંદા વ્યવહારમાં નાણાંકીય લેવડદેવડના કોયડાઓ ઉકેલે છે. "**

(૧) તમારા જન્મદિવસે તમારા પિતાએ તમને ૧૦૦ રૂપિયા આપ્યા અને તમારી માતાએ તમને ૫૦ રૂપિયા આપ્યા તો તમને કુલ કેટલા રૂપિયાની ભેટ મળી?

☐ રૂપિયા ૧૦૦ ☐ રૂપિયા ૫૦ ☐ રૂપિયા ૧૫૦

(૨) તમને મળેલ જન્મદિવસના ૧૫૦ રૂપિયામાંથી તમે ૮૦ રૂપિયાની જુવાર ખરીદીને કબૂતરોને ખવડાવી તો હવે તમારી પાસે કેટલા રૂપિયા બચ્યા.

☐ રૂપિયા ૭૦ ☐ રૂપિયા ૮૦ ☐ રૂપિયા ૨૩૦

(૩) મેં કેળાની ખરીદી કરીને દુકાનદારને તેની કિમત રૂપિયા ૨૧.૦૦ આપી. જો દુકાનદારે મને રૂપિયા ૯.૦૦ પાછા આપ્યા, તો મેં દુકાનદારને કેટલા રૂપિયા આપ્યા હશે?

☐ રૂપિયા ૨૦ ☐ રૂપિયા ૩૦ ☐ રૂપિયા ૪૦

(૪) વિશાલે રૂપિયા ૧૫૦.૦૦નો એક થેલો, રૂપિયા ૭૫.૦૦નો એક કંપાસબોક્સ અને રૂપિયા ૫૫.૫૦ની કિમતના રંગની ખરીદી કરી, તો તેણે કુલ કેટલો ખર્ચ કર્યો?

☐

(૧૧)સુનીલ  પાસે રૂપિયા ૩૫૦.૫૦ હતા. તેમાંથી તેણે રૂપિયા ૨૬૦.00ની કિંમતનું એક શર્ટ ખરીદ્યું તો હવે તેની પાસે કેટલા રૂપિયા બચ્યા હશે?

## 20."M303 માહિતીના આધારે સાદા બીલ બનાવે છે."

**નીચે આપેલ બીલ પૂર્ણ કરો.**

| કેશમેમો<br>"એકતા સુપર માર્કેટ " | | | |
|---|---|---|---|
| વસ્તુ | ભાવ (દરેકના) | રૂપિયા | પૈસા |
| ૨ બિસ્કીટ પેકેટ | રૂ.૭ | | |
| ૧ પેન્સિલ | રૂ.૩ | | |
| ૧ સાબુ | રૂ.૨૧ | | |
| | કુલ | | |

# शिक्षण सागर

**આવું તમામ ધોરણનું વિષય વાઈઝ અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રશ્નો માટે નીચે આપેલ ધોરણ સામે ક્લિક કરો.**

ધોરણ – ૩ CLICK HERE

ધોરણ – ૪ CLICK HERE

ધોરણ – ૫ CLICK HERE

ધોરણ – ૬ CLICK HERE

ધોરણ – ૭ CLICK HERE

ધોરણ – ૮ CLICK HERE





shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
The King of Education
shikshansagar.com

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .


૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સએપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

શિક્ષણ સાગર
The King of Education
shikshansagar.com



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION